H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર– ૧ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

મારૂ નામ :–મોહનભાઈ

પિતા/પતિનુ નામ :–કલ્યાણભાઈ મહેશ્વરી

ધર્મ :– હીન્દુ

ધંધો :– કન્ટ્રકશન

ઉમર (આશરે) વર્ષ :– ૩૯

રહેવાનુ ગામ :–ગાંધીધામ

જીલ્લો : કચ્છ

સોગંદ આપ્યા.

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી પી.વી.વાણીયા</u>**

1. આજથી આશરે બેએક વર્ષ પહેલા ઓકટોબર માસમાં જી.કે. જનરલ હોસ્પીટલ ભુજ ખાતે પંચનામાની કાર્યવાહીમાં પોલીસે મને બોલાવેલા ત્યાં અકે અકસ્માત થયેલ હતુ તે બાબતનું પંચનામું હતુ. મને જી.કે. જનરલ હોસ્પીટલમાં પી.એમ. રુમમાં બોલાવેલા તે વખતે પંચ તરીકે બીજા લેડીસ હતા તેનુ નામ મને હાલ યાદ નથી. ત્યાં પી.એમ.માં બે લાશ જોયેલ હતી તેમાં એક લાશના ખોપડી ફાટી ગયેલ હતી. તેમાં આ લાશ લ ક્ષ્મીબેનની હતી બીજી લાશ જોઈ તે પણ સ્ત્રીની હતી જે માલબાઈની હતી. તેને શરીરમાં માથાન ભાગે પગના ભાગે અને છાતીના ભાગે ઈજા થયેલ હતી. જે લાશો નવીનભાઈ તથા દીનેશભાઈએ ઓળખી બતાવેલી.
2. મને નામ.કોર્ટ રેકર્ડમાંથી માર્ક ૮/૩ વાળો પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ. જે રજુ દાખલ

---
**સાહેદની સહી**

આંક–**૧૩**

સરતપાસ પૂરી.

3. <u>ઉલટ તપાસ :– આરોપી તરફે વિ.વ.શ્રી  આર.એસ.ગઢવી</u>

એ વાત ખરી છે કે બન્ને મરણ જનાર અમારા ઓળખીતા હતા. એ વાત ખરી છે કે હુ મુળ ગાંધીધામ રહુ છુ. એ વાત ખરી છેકે બનાવ વખતે પણ ગાંધીધામ રહેતા હતા. એ વાત ખરી નથી કે પંચનામું વાંચ્યા પછી ઈજા પામનારને શુ ઈજાઓ છે તે ખબર પડેલી. એ વાત ખરી નથી કે ઈજા તૈયાર પંચનામામાં સહી કર્યા પછી ખબર પડેલ હોવા છતા સર તપાસની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામામાં સહી કરેલ હોવા છતા સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

ઉ.ત. પુરી.

ફેરતપાસ નથી.

ભુજ–કચ્છ.

તારીખ : ૧૩/૦૨/૨૦૨૪

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.**

મારી રૂબરૂ

આઠમાં અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

**સાહેદની સહી**